સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

'નોટબંધી' નિર્ણય તિખાસનું કારણ બન્યું,
પ્રગતિમાં પતન, ફિકાસનું કારણ બન્યું.
ચિકાસ ખોટ બુદ્ધિ નિકાસનું કારણ બન્યું,
ઉલ્ટું, કાળા નાણાંના વિકાસનું કારણ બન્યું...
(પોદળામાં પગ પડ્યો)

હાઈકુ

બેન્કો તનાવે,
સરકાર બચાવે -
નોટો નચાવે...
(રહ જુઓ, અચ્છે દિ' આવશે)

પોતાની ભૂલો,
કરી દે ઓળગોળ -
મંત્રીઓ પર...
(રી-સફલીંગ)

ચિંતન

हितं यत्सर्वभूतानामात्मनश्च सुखावहम् ।
तत्कुर्यादीश्वरे ह्युतन्मूलं सर्वार्थसिध्धये ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે કાર્ય સર્વ પ્રાણીઓ માટે હિતકારી હોય અને પોતાને પણ સુખ આપનારું હોય, તે (કર્મ) ઈશ્વરને અર્પણ કરવું જોઈએ. (ઈશ્વર ને કરાયેલું આ સમર્પણ) સર્વ કાર્યો ને સિદ્ધ કરે છે.

પ્રત્યેક સત્કર્મ ઈશ્વરને સમર્પણ કરવું, આવું સમર્પણ સર્વ સિદ્ધિઓ આપનારું બની રહે છે.

સેવાકાર્ય - પ્રભુકાર્ય ઈશ્વરનું - ઈશ્વરનું - ઈશ્વર માટે, ઈશ્વર માટે, ઈશ્વર વડે જ થાય છે તેથી 'હું કરું છું.' મું મમત્વ વળગે નહીં માટે કંઈ પણ સત્કર્મ કર્યા પછી સંકલ્પ દ્વારા ઈશ્વરને સમર્પિત કરવું જોઈએ. વિદ્વા કર્મકાંડી બ્રાહ્મણ તો આવા સંકલ્પ કરાવતા જ હોય છે.

સુવિચાર

- સ્ત્રી ધીરજ રાખવાનું કહે ત્યારે પુરુષ વધારે અધીરો બની જાય છે - **ઓશો**
- પરિસ્થિતિ પલટાઈ જાય છે ત્યારે ન ગમતો માણસ ગમવા માંડે છે - **સ્પેનીશ કહેવત**
- ધીરજ ખૂટવાની અણી પર હોય છે ત્યારે માનવું કે ફળ હાથવેંતમાં જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઝેર પચાવીને જીવી ગયેલાને મોતનો ડર ન હોય - **વજુ કોટક**
- ખોટી જગ્યાએ તાકાત વેડફી દેવામાં બહાદુરી નથી - **બોધિ વૃક્ષ**
- વિશ્વાસથી માણસની વફાદારી જલ્દી જીતી લેવાય છે - **ડો. વીજળીવાળા**
- આજનું ઔષધ : રાઈનું ચૂર્ણ સાકર સાથે લેવાથી વાયુ તથા પેટનો દુ:ખાવો મટે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ઈ.સ. ૧૯૧૫માં ચર્ચિલ ડિફેન્સ ખાતાનાં વડા હતા. એ વખતે નૌકાદળના અધ્યક્ષ એડમિરલ લોર્ડ ફિશર સાથે એમને કદી બનતું નહીં. થોડાક વખત પછી ચર્ચિલ ને એ પદ છોડવું પડેલું.

એમના મિત્ર એ એક દિવસ નવરાશના સમયે એડમિરલ ફિશર સાથેના જૂના દિવસોની ચર્ચા કરવાની શરુઆત કરી. ત્યારે ચર્ચિલે સ્પષ્ટ કહ્યું. 'જો હું ફરી ડિફેન્સ મિનિસ્ટર બનું તો એક સારા યોદ્ધા અને એક કુશળ મેનેજર એડમિરલ ફિશરને બોલાવી એ જ નૌકાદળનાં વડા તરીકે નિમણૂંક આપું. મને આજે પણ એમના માટે એ જ ઈજ્જત અને સન્માન છે.'

થોડા વખતમાં એડમિરલ ફિશરની આત્મકથા પ્રકાશિત થઈ જેમાં ફિશરે ચર્ચિલની કઠોર ટીકા કરી હતી, તથા ઘણી ગેરવ્યાજબી બાબતો લખી હતી. આમ છતાં ચર્ચિલે કદાપી એની નિંદા ન કરી, આથી વિપરીત ચર્ચિલે ફિશરની આત્મકથાની પ્રસંશા કરતો એક લેખ લખ્યો અને એને એક સામયિકને પ્રકાશિત કરવા મોકલી આપ્યો.

દુષ્ટ વ્યક્તિની નિંદા કરવાની પોતાની જ મહત્તા ઘટી જાય છે અને ચર્ચિલ એવા માણસ ન હતા કે જે પોતાની મહત્તા ઘટાડે.

સંરક્ષણમંત્રી પદે મહિલાનું ઊર્ધ્વારોહણ

તંત્રીસ્થાનેથી...

નિર્મલા સીતારામનને રાજયકક્ષાના મંત્રીમાંથી બઢતી આપી કેબિનેટ કક્ષામાં મંત્રી બનાવ્યાં ત્યાં સુધી ભાગ્યે જ કોઈને આશ્ચર્ય થયું હશે, પરંતુ જયારે વડાપ્રધાના વિદેશ પ્રસ્થાન પછી વિભાગોની વહેંચણી જાહેર કરાઈ તથા સંરક્ષણ જેવો અતિશય સંવેદનશીલ વિભાગ નવાં કેબિનેટ મંત્રી નિર્મલા સીતારામનને સોંપાયો હોવાના સમાચાર પ્રસારિત થયા ત્યારે ઘણા બધાને સુખદ આશ્ચર્ય અને આઘાતની લાગણી થઈ હશે. મહિલા જગત ઉપરાંત પ્રબુદ્ધ નાગરિકો પણ આ નિર્ણયથી પ્રસન્ન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમની કાર્યશૈલીમાં અકળ રહેતા આવ્યા છે. તેઓ કયારે કેવો નિર્ણય લેશે તેની આગાહી ખુદ એમની સાથે ચોવીસે કલાક રહેનારા સાથીઓ પણ કરી શકતા નથી. મોદીની આ વિશિષ્ટ સંકલ્પશક્તિ અને છેલ્લી મિનિટ સુધી બાકીના તમામને અધ્ધર શ્વાસે રાખવાની કાર્યદક્ષતા એમને બીજા નેતાઓની સરખામણીએ રાજકારણના વધુ સક્ષમ ખેલાડી તરીકે જ પ્રસ્થાપિત કરે છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના ઉમેદવારોના મુદ્દે પણ એમને પાર્ટીથી લઈ વિપક્ષો તથા દેશની પ્રજાને આશ્ચર્યમાં મૂકી દીધેલાં. રામનાથ કોવિંદનું નામ તો કોઈએ સ્વપ્ને પણ નહોતું વિચાર્યું. રાષ્ટ્રપતિ પદ માટે ટાંપીને બેઠેલા વરિષ્ઠ નેતાઓ ઉપરાંત સંઘ સૂચિત કેટલાંક નામોની ચર્ચા હતી. એક તબક્કે રાજનાથસિંહનું નામ પણ વિચારાયેલું પરંતુ જાદુગરની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૅજિક બોક્સમાંથી નવું જ નામ રમતું મૂકી બધાને આશ્ચર્યમાં મૂકી દીધાં હતા. નિર્મલા સીતારામન તો કાર્યકર્તાની રૂએ પણ ઘણાં જુનિયર ગણાય. સંઘર્ષ કરીને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાંથી ડૉકટરેટ મેળવનારા નિર્મલા છેક ૨૦૦૬ની સાલમાં ભારતીય જનતા પાર્ટીના સભ્ય બન્યા હતા. હકીકતમાં તેઓ સુષમા સ્વરાજની શોધ છે, પરંતુ અત્યારે એકાએક સંરક્ષણમંત્રી પદે આરૂઢ થતાં પ્રોટોકોલની રૂએ તેઓ સીધાં જ ત્રીજા નંબરનાં કેબિનેટમંત્રી ગણાશે. સંરક્ષણ વિભાગને ગૃહ વિભાગ પછી તરતના ક્રમે મુકાયેલ છે. આમ પ્રોટોકોલની રૂએ તેઓ જેટલી અને સુષમા સ્વરાજ કરતાં પણ ઊંચા સ્થાને ચડી ગયાં છે. જો કે શપથ વિધિ પ્રસંગે ધર્મેન્દ્ર પ્રધાન અને પીયૂષ ગોયલ જેવા રાજયકક્ષાના મંત્રીઓએ કેબિનેટ મંત્રી તરીકે એમનાથી પહેલાં સોગંધ લીધા હતા એટલે મંત્રીઓની યાદીમાં એમનું નામ નીચેના ક્રમે જ રહેશે, પણ ખાતાના મહત્ત્વની દૃષ્ટિએ તેઓ બધા કરતાં આગળ નીકળી ગયા છે એમાં બે મત નથી. સંરક્ષણ મંત્રાલય જેવું અતિશય મહત્ત્વનું ખાતું નિર્મલાને સોંપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકી સાથે અનેક નિશાન તાક્યાં છે. સૌ પ્રથમ તો તેઓ એક યુવાન કાર્યદક્ષ મહિલા છે, વળી એમનું ગોત્ર દક્ષિણ ભારત છે. તામિલનાડુ પિયર છે અને આંધ્રપ્રદેશમાં સ્થાયી થયાં છે. એમની પરિણામલક્ષી કામગીરીથી પ્રભાવિત થઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની કદર કરી છે. પાર્ટીના પ્રવક્તા તરીકેની શ્રેષ્ઠ કામગીરી ઉપરાંત સ્વતંત્ર પ્રભાર વાળી રાજયકક્ષાના મંત્રી તરીકેની એમની કામગીરીની પણ જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી લેખાશે. નિર્મલા હવે સરહદની સુરક્ષા ઉપરાંત ત્રણે પાંખોના સેનાપતિઓ સાથે ચીન અને પાકિસ્તાન તરફથી ઊભા થયેલા પડકારો સામે કેવી રીતે કામ પાડવું એનો નિર્ણય કરશે; વડાપ્રધાન સાથે બેસીને એ અંગેની સ્ટ્રેટેજી ઘડશે. યોગ્ય વ્યક્તિને યોગ્ય કામગીરી આપી કદર કરવાની વડાપ્રધાનની આ આવડત એમની સફળતાનું મહત્ત્વનું કારણ છે. વેંકૈયા નાયડુને ઉપરાષ્ટ્રપતિ બનાવ્યા પછી નિર્મલા સીતારામનને સંરક્ષણ મંત્રી બનાવી મોદીએ દેશને અનેક સંકેતો આપી દીધા છે. દક્ષિણ ભારતમાં પાર્ટીને મજબૂત પ્રવેશનાં મંગલાચરણ નથી શું ? ખાસ તો ત્યારે કે જયારે જયા અમ્મા જેવું સમોહક વ્યક્તિત્વ હવે મેદાનમાં નથી રહ્યું ત્યારે ભાજપ દક્ષિણના ગઢમાં પ્રવેશ કરવા માટે આ બે પ્રતિભાઓનો ભરપૂર ઉપયોગ કરી શકશે.

વિદ્યાર્થીઓને કેવા શિક્ષક ગમે ?

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'પેલા વિજ્ઞાનવાળા સર તો કેવું ચઢાવેલું મોઢું રાખતા !' સોહમ બોલ્યો.

'અરે, યાર ખૂબ જ કંટાળો આવતો તેમના લેકચરમાં' અંગદે સૂર પૂરાવ્યો.

'પેલા અંગ્રેજીવાળા મેડમ તો જાણે ઘરેથી લડીને જ આવતા હોય એમ લાગતુ હતુ ! ' હર્ષે ટાપસી પૂરાવી.

આ બધા કોલેજના વિદ્યાર્થીઓ. એક જ શાળામાં ભણેલા. આઠમની રજાઓમાં અંગદના બર્થડેમાં ભેગા થયા હતા. શાળાના સંસ્મરણો વાગોળતા હતા. બર્થ-ડે પાર્ટીની સાથે સાથે શિક્ષકોના ભણાવવાની-બોલવાની-ચાલવાની-વસ્ત્રપરિધાનની રીત અને પધ્ધતિ વિશેની વાતો ચાલી હતી. મીમીક્રી રજૂ કરતાં-કરતાં બર્થ-ડે પાર્ટી આગળ વધી રહી હતી. હળવું મ્યુઝિક વાગી રહયું હતું.

'અરે, પેલા ગણિતના સરે, સોહમને એક ખેંચીને આપી દીધેલી.' મનને મોટેથી કહયું. સૌ હસી પડયાં.

'હા, પણ મારો વાંક હતો જ નહિ, હસી'તી પીંકીને મને ધોઈ નાખ્યો.' સોહમ બોલ્યો.

'હા સાચી વાત' હર્ષે કહયું.

'પેલા પી.ટી.ના સર તો પોલીસવાળા હોય તેમ જ લાગતું!'

''આ પાર્થે કયારેય પ્રાર્થનામાં આંખો બંધ નથી કરી.'' ભારતીએ ફરિયાદના સ્વરમાં કહયું.

'.....પણ હું જયારે આંખો બંધ કરું ત્યારે મને ભગવાનને બદલે આચાર્યા મેડમનો ચહેરો દેખાતો હતો.'

સૌ ખડખડાટ હસી પડયા.

'મનન તને યાદ છે પેલા ગુજરાતીના સર સૌને ગમતાં. તેમનો કલાસ હાઉસફૂલ રહેતો. કયારેય કોઈ મીસ્ચીફ નઈ. કોઈ ફરીયાદ નઈ. સૌ શાંતિથી બેસતાં.' શ્યામલે બધા સાંભળે તેમ કહયું.

'કારણ શું હતું ?' કારણ હતું 'પ્રસન્નતા'. શિવાની બોલી ઉઠી.

''ગુજરાતીના સરને કયારેય ચઢેલા મોઢે જોયા નથી. તેઓ હંમેશા હસતાં-હસાવતાં રહેતા. કલાસરૂમમાં હસતાં-હસતાં જ દાખલ થાય. એકેય દિવસ એવો નથી ગયો કે તેમણે કલાસમાં આપણને હસાવ્યા ન હોય ! '' હર્ષની વાત સાથે સૌ એક મત થયા.

'સર, વર્ગમાં દાખલ થાય કે વર્ગનું વાતાવરણ જ બદલાઈ જતું.' ડિમ્પુ બોલી ઉઠયો.

'તે દિવસે મા વિશેની વાત કરતી વખતે 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ ! સરે તેમના સૂરિલા કંઠે ગાયેલું ને સૌની આંખો ભીની થઈ ગયેલી, તે હજી યે યાદ છે.' શિવાની ભીના સ્વરે બોલી.

મનને કહયું, 'બધા વિદ્યાર્થીઓ તેમનું ખૂબ રિસ્પેકટ જાળવતાં. હજી આજે પણ તેમને મળવા જવાનું મન થાય. ખરું ને ?'

હા....હા... સૌ બોલી ઉઠયા.

મોરારિબાપુએ શિક્ષક સંમેલનમાં એકવાર કહેલું તેમ હંમેશા પ્રસન્ન ચિત્ત રહેતો શિક્ષક એ શાળાનું ઘરેણું છે. મનનને બધી વાત યાદ આવી.હાસ્ય એ શિક્ષકનો મોટામાં મોટો સદ્‌ગુણ છે. આ સદ્‌ગુણ વિદ્યાર્થીઓની સમસ્યાને સમાધાનની કક્ષાએ લઈ જાય છે. હાસ્યરસિક

અનુસંધાન પાના નં. ૭ પર

ભલા હમ ક્યૂં કિસી કે ફટે મેં ટાંગ અડાયે?

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

'જબ તક કોઈ ભી સમસ્યા વ્યક્તિગત સમસ્યા નહીં બન જાતી તબ તક કોઈ આગે નહીં આતા.' આ સંવાદ હમણા સામાજિક સંદેશ આપતી ફિલ્મ 'ટોઈલેટ - એ પ્રેમ કથા'નો છે.

ખૂબ જ સટીક વાત કરવામાં આવી છે. આ જ મનોસ્થિતિ આપણા આખા સમાજની જોવા મળે છે...

અક્ષયકુમાર જયારે પંચાયતમાં પોતાના ઘરની સમસ્યાના નિવારણ માટે ગામમાં સાર્વજનિક શૌચાલય બનાવવાની વાત કરે છે, ત્યારે આખું ગામ તેનો વિરોધ કરતા કહે છે કે, આ તો તારી વ્યક્તિગત સમસ્યા - 'તારી ઘરવાળીને આ સમસ્યા નડે છે તો અમારે શું લેવા-દેવા ?'

આ સમસ્યા આજની નથી, વર્ષો જૂની છે. આપણે સમાજની રીતે કયારેય સંગઠીત થયા જ નથી : ૧૮૫૭નો સ્વતંત્ર સંગ્રામ હોય કે બીજી સ્વાતંત્ર્યની ચળવળ હોય. તેમાં નિરાશા એટલા માટે જ મળી કારણ કે આપણો સમાજ સંગઠિત ન હતો.

૧૮૫૭માં થોડું જોર લગાવીને અંગ્રેજોને નેભે પાણી લાવી દીધા હતા, પરંતુ ખરા ટાણે કોઈ એક ન થયું... એક આવે ને બીજો રીસાય, કો'કને તાત્યા ટોપે સરદાર થાય એ ન ગમે ને કો'કને રાણી લક્ષ્મીબાઈ જેવી વીરાંગના ના વડપણ હેઠળ યુદ્ધ કરવામાં નાનપ આવી...

કેટલાયને વ્યક્તિગત રીતે પોતાના ઘરને પોતાના ગામને કે પોતાના રાજય કે રિયાસતને કોઈ ભય નથી તો પછી શું કામ - 'કીસી કે ફટે મેં ટાંગ અડાયે' જેવી વ્યક્તિગત સ્વાર્થી મનોવૃત્તિ ધારણ કરી લીધી...

આનુ પરિણામ એ આવ્યું કે બીજા ૯૦ વર્ષ સુધી ગુલામી ભોગવવી પડી... બધા જ લોકો આખો સમાજ મોગલો વખતે અંગ્રેજો વખતે આવી જ રીતે વિભિન્ન અને વિચ્છિન્ન હતો... મારે શું? બસ આ જ માનસિકતા મારી ગઈ...

અને આજે પણ આપણે આપણા એ ઘરકૂકડી પૂર્વજોના DNA જાળવીની બેઠા છીએ... 'હમ નહીં સુધરેંગે...'

આ તો આખા દેશની વાત થઈ એ નાના ફલક પર આવીએ... આપણા શહેરમાં, સોસાયટીમાં, મહોલ્લામાં જયારે કંઈ પણ મુસીબત ઊભી થાય ત્યારે... જયાં સુધી મારા ઘર સુધી આગ લાગે નહીં ત્યાં સુધી હું પાણીની ડોલ શું કામ હાથમાં પકડું વાળી 'કોઠીમાં મોઢું' નાખીને બેઠા રહેવાનું... એ કહેવત સાચી પાડતા હોઈએ છીએ...

જયારે જયારે કોઈ પ્રશ્ન આવે ત્યારે વ્યક્તિગત સમસ્યા ન લાગતી હોવાથી મૂંગા રહેવાનું અને આ સમસ્યા સાપોલીયા જેવી હોય ત્યાં સુધી પગથી ડામી ન દીધી હોવાથી, ફુફાડા મારતા ફણીધર જેવી મહાસમસ્યા બને એટલે કૂદાકૂદ કરવાની... 'અરણ્ય રુદન' ન્યાયે જંગલમાં એકલા રોતા બાળકને અવાજ જેમ કોઈ નથી સાંભળતો તેમ... એકલા એકલા સહન કરવાનું - આવે...

હમણાં ગણપતિ ગયા, પહેલા જન્માષ્ટમી હતી... તહેવાર શ્રદ્ધા ભક્તિ માટે તો હવે રહ્યા જ નથી... નર્યા ડેંડાટ માટેના જ બની ગયા છે... સોસાયટીમાં ચોકમાં અસહ્ય અવાજના ઘોંઘાટમાં રીબાતા રહેવાનું પરંતુ કોઈ અવાજ નહીં ઉઠાવવાનો.

આગામી દિવસોમાં માતાજીના નવ દિવસના ગરબા આવશે... તેને વધાવવા માટે અત્યારથી તૈયારીઓ શરુ થઈ ગઈ છે... રખેને માનતા કે માતાજીના ગરબા કે નવ દિવસ કઈ કઈ નવી રીતે ભક્તિભાવપૂર્વક કે અનુષ્ઠાનથી કામ કરીશું એ તો મુદ્દો મુખ્ય હોતો જ નથી.

બસ લાઈટીંગ, સાઉન્ડ, ગીતો ગાનાર પાર્ટીઓ સાથેની તડજોડ, ફંડફાળો ઉઘરાવવા માટેની તૈયારીઓ જ શરુ થઈ જાય છે.

રાત્રિના કેટલા ડેસીબલ અવાજની તીવ્રતા હોવી જોઈએ... કયારે બંધ થઈ જવા જોઈએ તેની માર્ગદર્શિકા તો પૂંમ્હું વાળીને આપણી ઉપર ટપલી મારવા માટે જ સંચાલકો દ્વારા વપરાતી હોય છે...

મૂળ મુદ્દો સેકટરોમાં આંતરિક અંતરીયાળ કોમન પ્લોટમાં થતા ધ્વનિપ્રદૂષણ યુક્ત ગરબા - સોરી ડેંડાટનો છે.

ગામની બહાર ખુલ્લા મેદાનમાં થતા સુચારું આપોજનયુક્ત ગરબા તો ખરેખર આશીર્વાદ રુપ છે, તો સામે છેડે... સેકટરોમાં એક સમયે થતા શેરી ગરબા પણ ઉત્તમ કેટેગરીમાં આવે છે. જયાં બહેનો જ ગરબા ગાય બહેનો જ બધી તૈયારી કરે... ગરબાના સબ્દો તેના ઉચ્ચાર એટલા શુદ્ધ અને નિર્ભેળ હોય કે તમે રીતસર લીન થઈ જાય...

કયા 'દેવી પુરાણ' માં લખ્યું છે કે ચારેબાજુથી પેક એવા કોમન પ્લોટમાં સ્પીકર ઉપર અસહ્ય અવાજ વચ્ચે નવ દિવસ ભક્તોના કાનને અને મનને અસહ્ય અશાંતિ મળ્યા પછી જ માતાજીની કૃપા પ્રાપ્ત થશે?

કયા 'દેવી પુરાણ'માં લખ્યું છે કે ચારેબાજુથી પેક એવા કોમન પ્લોટમાં સ્પીકર ઉપર અસહ્ય અવાજ વચ્ચે નવ દિવસ ભક્તોના કાનને અને મનને અસહ્ય અશાંતિ મળ્યા પછી જ માતાજીની કૃપા પ્રાપ્ત થશે?

વિચાર તો કરો જે ચોકઠામાં ગરબાનું આયોજન થવાનું હોય ત્યાં નવરાત્રીના સપ્તાહ પહેલા જ કોઈના સ્વજનનું અવસાન થયું હોય... પરિવાર આખો તે ઝૂરાપામાંથી બહાર ન આવ્યો હોય... અને તે પરિવારના શોકમાં ઑર પલિતો ચાપવા માટે મલાજો પણ ન જાળવતા આતતાયીઓને માતાજી શી રીતે કૃપા પ્રાપ્ત કરાવે!

એક દીકરીનો અકસ્માત થયો હોય, મગજમાં જ ગંભીર ઈજાઓ પહોંચી હોય, અને ઓપરેશન પછી નવરાત્રી તરત આવે ત્યારે તે દર્દીનું ધ્યાન રાખવાના બદલે આડોડાઈ કરીને બસ પોતાનું કામ પાર પાડવાનું અંતે તે આખો પરિવાર નવરાત્રીના નવ દિવસ દરમિયાન પોતાનું જ ઘર હોવા છતાં હિજરત કરી જાય અને દર્દીને સાચવે...

સમાજમાં જયાં સુધી પોતાના પગ નીચે રેલો ન આવે ત્યાં સુધી અવાજ ન ઉઠાવવા વાળા લોકો રહેશે ત્યાં સુધી આવા તકસાધુઓ આપણા માથે નાચ નાચતા રહેશે.... એ પછી અંગ્રેજો, હોય, મોગલો હોય કે સમિતિ અધિકારીઓ કેમ ન હોય!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

વહેલી સવારે અને રાત્રે સૂતી વખતે આવતાં વિચારો મહત્ત્વના

અજવાળું - અજવાળું
તુષાર જોશી

રોજ સવારે ૭-૧૦ મિનિટે એ કોઈ ને કોઈ વાર્તા-ઘટના-મંત્ર-કથા લઈને આવે છે એમાં અવલોકન-અનુભવ-કલ્પન-અધિકૃતના એમના બધાનો સમન્વય હોય છે ને એની રસાળ શૈલીમાં છેવટે એ વાતના આધારે એક મોર્નીંગ મંત્ર આપે છે, આમ હકારાત્મક સંદેશનો ફેલાવ વધે છે સમાજજીવનમાં

'આવું થયાનું કયારેય યાદ નથી'

'સારું આયોજન કહેવાય, ના ભૂમિકા, ન પરિચય, ના પ્રાસંગિક ઉદ્‌બોધન'

'કાર્યક્રમ કયારે પૂરો થયો ખબર ના પડી એટલી પ્રવાહિતા હતી.'

આવા અભિપ્રાયો કાર્યક્રમ પૂરો થયા બાદ શ્રોતાઓના હતા. એ કાર્યક્રમ હતો અમદાવાદના રેડિયો મિર્ચીમાં છેલ્લા ૧૪ વર્ષથી કામ કરી રહેતા લોકપ્રિય આર.જે. ધ્વનિત લિખિત પુસ્તક 'મોર્નિંગ મંત્ર' ના વિમોચન સમયે.

છેલ્લા કેટલાય વર્ષોથી રોજ સવારે ૭-૧૦ મિનિટે એ કોઈ ને કોઈ વાર્તા-ઘટના-મંત્ર-કથા લઈને આવે છે એમાં અવલોકન-અનુભવ-કલ્પન-અધિકૃતના એમના બધાનો સમન્વય હોય છે ને એની રસાળ શૈલીમાં છેવટે એ વાતના આધારે એક મોર્નીંગ મંત્ર આપે છે. આમ હકારાત્મક સંદેશનો ફેલાવ વધે છે સમાજજીવનમાં.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે મંચ પર ૮-૯ પ્રખર વક્તા હોવા છતાં તેઓ માત્ર શ્રોતા-દ્રષ્ટા અને શુભેચ્છક હતા. આશીર્વાદરુપે બોલવાનું એક માત્ર ભાગવતાચાર્ય પૂજ્યભાઈ રમેશભાઈ ઓઝાને જ હતું. એમણે એમના પ્રવચનમાં સાંપ્રત સામાજિક જીવનના દર્શનને અને એ સંદર્ભમાં મોર્નીંગ મંત્રને વણીને આશીર્વાદ આપ્યા.

એષા ઠાકરના મધુર સ્વરોમાં રજૂ થયેલી પ્રાર્થનાએ મોર્નીંગ મંત્રનું વાતાવરણ સૂરો થકી બાંધી આપ્યું હતું અને પછી મંચ પર બિરાજમાન થયા એક પછી એક સાક્ષરો...

ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલર પ્રોફેસર હિમાંશુ પંડ્યા, કેડાઈના નેશનલ પ્રેસીડેન્ટ અને 'સાવી' ગ્રુપના મેનેજીંગ ડાયરેકટર જક્ષય શાહ, મનોચિકિત્સક અને લેખક ડૉ. હંસલ ભચેચ, પૂર્વ સનદી અધિકારી અને કવિ હર્ષ બ્રહ્મભટ્ટ, આકાશવાણી - દુરદર્શનના પૂર્વ અધિકારી અને કવિ-સંચાલક તુષાર શુક્લ, લેખક અને વક્તા જય વસાવડા, પત્રકાર અને લેખક કૃષ્ણકાંત ઉનડકટ ઉપસ્થિત હતા. કાર્યાલય સંચાલક તરીકે આ લખનાર માટે અને શ્રોતાઓ માટે એકનવી વાત એ હતી કે આ તમામ લોકો જાણીતા વક્તા હોવા છતાં એમાંથી કોઈ પણ એકેય શબ્દ બોલવાનું ન હતું. પૂજ્ય ભાઈના હસ્તે અને આ સાક્ષરોના હસ્તે પુસ્તક વિમોચન થયું. પુસ્તકને માત્ર નાડાછડી બાંધવામા આવી હતી, કાગળ કે રેપર ફાડવાના જ નહિ...

પૂજ્ય ભાઈશ્રીએ આશીર્વચન આપતા કહ્યું કે આ મોર્નીંગ મંત્ર જે છેલ્લા કેટલાક વર્ષોથી ધ્વનિત રેડિયોના માધ્યમથી રજૂ કરતો રહ્યો છે એ એનું બ્રહ્મ કાર્ય છે - એની સંધ્યા છે, મનની આરાધના છે. આપણી આસપાસ જયારે સતત નકારાત્મક વિચારો પડઘાયા કહે છે - જોવા, વાંચવા કે સાંભળવા મળે છે ત્યારે એક નાની અમથી વાતમાંથી સરસ મજાની શૈલીમાં જયારે ધ્વનિત હકારાત્મક વાત લઈને આવે છે ત્યારે એના શ્રોતાઓને એ સ્પર્શી જાય છે. તેઓએ ઉમેર્યું કે એ આ રીતે એના શ્રોતાઓના ચિત્તમાં પોઝીટીવ વિચારોનું વાવેતર કરે છે. વહેલી સવારે અને રાત્રે સુતી વખતે માણસને આવેલા વિચારોનું મહત્ત્વ અત્યંત મૂલ્યવાન હોવાનું જણાવી તેઓએ ધ્વનિતને અભિનંદન આપ્યા હતા.

એ પછીના ક્રમે સત્ય સાંઈ વિદ્યામંદિરના બાળકોએ મંત્રોચ્ચાર કર્યા અને ધ્વનિતે મોર્નિંગ મંત્રના ગાનનો આરંભ કર્યો... આજના બાળકો સંસ્કૃત ભાષાના શ્લોકનું ગાન કરે છે ત્યારે આપણી ઉજળી આવતીકાલના દર્શન થાય છે એમ કહી ધ્વનિતે કેટલાક મોર્નિંગ મંત્રોનું વાંચન કર્યું - પઠન કર્યું - વાતો કરી અને એનું આનુષાંગીક સુમધુર શાસ્ત્રીય સંગીત રજૂ કર્યું. ભગીરથ ભટ્ટ, ડૉ. કેદાર ઉપાધ્યાય, શશાંક આચાર્યએ ૫૦ વર્ષ પુરા કરવા જઈ રહેલા નવભારત સાહિત્ય મંદિર વતી મહેન્દ્રભાઈ શાહ - જયેશભાઈ કૃણાલ શાહ એન રોનક શાહે મહેમાનોને આવકાર્યા હતા.

મંચ પરથી બોલવા મળે તો આમંત્રિત શ્રોતાઓ સમક્ષ બોલવાની તક જતી કરવી એ વક્તા - આયોજકો માટે બહુ અઘરું કામ છે અને અહીં આ કાર્યક્રમમાં ઉપસ્થિતોએ એ કરી બતાવ્યું એનો આનંદ સહુને હતો.

'વાણી અને પાણી ઘીની જેમ વાપરો' એવા સૂત્ર આપણે ત્યાં પ્રચલિત છે ત્યારે ધોધમાર વરસે જતા વક્તાઓ પણ એટલા જ ઉત્સાહિત હોય છે. આવા સમયે વિવેક સંતુલન અને મનની સ્થિરતા જાળવીને આવા કાર્યક્રમો યોજાય ત્યારે સહુના માટે એ આનંદમય બની જતા હોય છે અને આવું થાય ત્યારે શ્રોતાઓને માટે ઓછા સમયમાં અથવા નિયત સમયમાં ઉત્તમ વિચારો કે પ્રસ્તુતિની પ્રાપ્તિ થતી હોય છે. આવું થાય ત્યારે અજવાળા રેલાય છે.

● ● ●

શ્રેષ્ઠ અભિવ્યક્તિનું એક માધ્યમ મૌન પણ છે.